Volume : 1 | Issue : 9 | September 2012 ISSN - 2250-1991

Research Paper Economics

# ભારત માં આદિવાસી ઓમાં શિક્ષણ નો વિકાસ

## Bharatma Aadivasi oma Shiksan no Vikas

*Dr. K.B.Konkani

* Associate Professor, Department of Economics, Bhavnagar University, Bhvanagar

વિશ્વમાં આદિવાસી વસતિનું સૌથી વધુ પ્રમાણ આફ્રિકામાં છે જયારે બીજા ક્રમ વિશ્વમાં ભારતનો આવે છે. ભારતમાં આદિવાસીઓ આથિ  ક, સામાજીક અને શૈક્ષણિક રીતે સામઢ ાન્ય વસ્તીની તુલનામાં આજે પણ પાછળ છે. ભારતનાં બંધારણની ૩૬૬ કલમ હેઠળ તેઓને આદિવાસી તરીકે જાહેર કરવામાં આવેલ છે. સમગ્ર ભારતમાં ૫૭૪ જેટલા જુદા – જુદા આદિવાસી સમુદાયો વસવાટ કરે છે. આદિજાતિઓને સામાજીક ન્યાય મળે અને શોષણ સામે રક્ષણ મળે એ માટે કેટલાક બંધારણીય જોગવાઈઓ કરવામાં આવી છે.

સમગ્ર ભારતમાં આદિજાતીની કુલ વસ્તી ૧૯૯૧ નાં સેન્સસ મુજબ ૬૭.૭૫ મીલીયન જેટલી હતી તે સમયે કુલ વસ્તીની ટકાવારી મુજબ લગભગ ૮% જેટલી હતી. જયારે ૨૦૦૧ નાં સેન્સસ પ્રમાણે વસ્તી વધીને ૮૫ મીલીન જેટલી થઈ છે. ભારતમાં વત  માન સમયે આદિવાસીઓની ૯૦% આસપાસ વસ્તી જંગલો, પહાડી વિસ્તારો અને ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરે છે. તેઓ મુખ્યત્વે ક  ષિક્ષેત્રે અને તેની આનુષાંગિક પ્રવ  તિ સાથે વધુ જોડાયેલા છે.

ભારતમાં આદિવાસીઓની વધુ વસતી ધરાવતા રાજયોમાં મિઝોરમમાં (૯૪.૫%) મેઘાલયમાં (૮૫.૯%) અને નાગાલેન્ડમાં (૮૯%) જેટલી વસ્તી છે. તદઉપરાંત અરૂણાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, ગુજરાત વગેરે રાજયોમાં પણ સારા પ્રમાણમાં વસતી આવેલી છે. ભારતમાં આદિવાસીઓનાં જુદા જુદા સમુદાયો સાંસ્ક  તિક સામાજીક અને ધામિ  ક રીતે જુદા પડે છે. આજે પણ તેઓ તેમનો ભવ્ય સાંસ્ક  તિક વારસો જાળવી શકયા છે.

**આદિવાસીઓમાં સાક્ષરતાના વલણો :-**

શિક્ષણ એ સામાજીક અને આથિ  ક રીતે ઉત્પાદકીય મૂડી રોકાણ છે. શિક્ષણ એ માનવીનાં વિકાસમાં ખૂબજ અગત્યનું પરીબળ છે. ભારતમાં સામાન્ય રીતે આદિવાસી મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ખૂબજ ઓછુ છે. સાક્ષરતાનું પ્રમાણ ઓછુ હોવાનાં અનેક કારણો છે. સૌથી પહેલુ કારણ તપાસીએ તો જણાશે કે આદિવાસીઓમાં ગરીબીનું પ્રમાણ ખૂબજ ઉંચુ છે. ગરીબઢ ાને કારણે તેઓ વધુ વસ્તી વધારા તરફ પ્રેરાય છે. એવુ અનેક જુદા – જુદા અભ્યાસો જાણવા મળેલ છે. (ડ્રેઝ જે ૨૦૦૩) તેઓ વધુ સંતાનો આથિ  ક પ્રવ  તિમાં મદદરૂપ થાય તે હેતુથી તેને આવકારે છે. પરંપરાગત રીતે આ પ્રકારની જૂની માન્યતા હજુ પણ આ સમાજમાં જોવા મળે છે. આ માન્યતા દૂર કરવા માટે શિક્ષણનું પ્રમાણ વધે એજ આનો ઉપાય છે.

સામાન્ય રીતે સાક્ષર મહિલા સમાજ માટે અને તેના પરિવાર માટે ખૂબજ મહત્વની ભૂમિકા ભજવી શકે એમ છે. કારણ કે, જે મહિલા સાક્ષર હોય છે તેમાં સમજદારી વધુ હોય છે તેથી તેઓમાં બાળમરણ દરનું પ્રમાણ ખૂબજ ઓછુ હોય છે તેઓ પોતાના બાળકની સ્વાસ્થ્ય–સંભાળ ખૂબજ કાળજી પૂવ  ક લે છે અને બાળકનાં શિક્ષણનાં ઘડતરમાં અગત્યનો ભાગ ભજવી શકે છે. એવુ અભ્યાસો નોંધે છે. (સેન્ગુપ્તા ૨૦૦૨)

ભારતમાં આઝાદી પછી સરકારે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ વધે તે હેતુથી ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ પર વધુ ધ્યાન આપ્યુ છે. તદ ઉપરાંત શૈક્ષણિક સાધનો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે મફત પ્રાથમિક શિક્ષણ, મધ્યાહન ભોજન અને સમયાં તરે બાળકોનાં આરોગ્યની તપાસ કરવામાં આવે છે અને બાળકો માટે ગ્રામીણ વિસ્તારમાં છાત્રાલયો પણ ખોલવામાં આવેલા છે. સરકારનાં આ સામૂહિક પ્રયાસને કારણે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ વધી રહયુ છે.

ભારતમાં આદિવાસી વસતિમાં સાક્ષરતાનો દર ૧૯૬૧ માં (૮.૫૪%) અને ૧૯૯૧ માં (૨૯ .૬૦%), ૨૦૦૧ માં (૪૭.૧૦%) થયેલ છે. સાક્ષરતામાં વધારાની સાથે સ્ત્રી અને પુરૂષ એમ બંનેમાં સાક્ષરતાનું પ્રમાણ વધવા પામેલ છે. આ બાબતને આપણે નીચેના કોઠા દ્વારા જોઈએ.

ભારતનાં આદિવાસીઓમાં સાક્ષરતાનાં વલણો (કુલ વસતિનું ટકાવારી પ્રમાણ)

| વષ | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૧૯૬૧ | 13.83 | 3.16 | 8.54 |
| ૧૯૭૧ | 17.63 | 4.85 | 11.39 |
| ૧૯૮૧ | 24.52 | 8.05 | 16.35 |
| ૧૯૯૧ | 40.65 | 18.19 | 29.60 |
| ૨૦૦૧ | 59.17 | 34.76 | 47.10 |

**વિભીન્ન રાજયોમાં આદિવાસીઓમાં શિક્ષણની પહોંચ :-**

આઝાદી બાદ ભારત સરકારે આદિજાતિ વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ વધે અને તેમનો વિકાસ સથાય એ માટે જુદી જુદી યોજનાઓનો અમલ કયા` છે, છતાં પણ શિક્ષણનું પ્રમાણ અપેક્ષા પ્રમાણે વધ્યુ નથી, એ નિતી ઘડનારાઓ અને સંશોધનકારો માટે એક પડકાર છે. ભારતનાં જુદા–જુદા રાજયોમાં આદિવાસી સ્ત્રીઓ અને પુરૂષોમાં શિક્ષણનું પ્રમાણ અલગ જોવા મળે છે. આદિવાસી વસ્તીનો મોટા ભાગનો વિસ્તાર ગ્રામીણ વિસ્તારો તેમજ જંગલ તથા પહાડોમાં વસવાટ કરે છે તેમને શિક્ષણ પ્રાપ્ત કરવા માટે અનેક અવરોધો પણ જોવા મળે છે.

ભારતમાં પસંદ કરેલા રાજયોમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સ્ત્રીઓ અને પુરૂષોમાં શિક્ષણની પ્રાપ્યતા અંગે નીચેનાં ટેબલમાં માહિતી આપવામાં આવી છે.

**ટેબલ નંબર-૨**

ગ્રામીણ અને શહેરી સાક્ષરતા દર આદિવાસી સ્ત્રી અને પુરૂષોમાં (કુલ વસતિની ટકાવારી)

| રાજય | ગ્રામીણ | | શહેર | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| મિઝોરમ | 86.11 | 77.71 | 87.55 | 96.01 | 91.71 | 86.95 |
| નાગાલેન્ડ | 67.09 | 57.72 | 91.63 | 85.60 | 70.26 | 61.35 |
| મેઘાલય | 58.72 | 53.97 | 88.95 | 84.58 | 63.49 | 59.20 |
| બિહાર | 37.57 | 13.30 | 74.18 | 55.28 | 39.76 | 15.54 |
| ઓરિસ્સા | 50.35 | 22.07 | 69.80 | 45.77 | 51.46 | 23.37 |
| પ.બંગાળ | 56.60 | 27.88 | 68.77 | 48.20 | 57.38 | 29.15 |
| મધ્યપ્રદેશ | 52.51 | 27.24 | 67.47 | 45.89 | 53.55 | 28.44 |
| ગુજરાત | 58.06 | 34.60 | 71.01 | 51.78 | 59.18 | 36.05 |
| મહારાષ્ટ્ર | 64.52 | 39.88 | 82.98 | 64.70 | 67.02 | 43.08 |
| રાજસ્થાન | 61.23 | 25.22 | 75.74 | 42.97 | 62.10 | 26.16 |
| ઉત્તરપ્રદેશ | 46.71 | 18.34 | 60.61 | 39.54 | 48.45 | 20.70 |
| હિમાચલ પ્રદેશ | 77.18 | 52.50 | 92.03 | 81.18 | 77.71 | 53.32 |
| આંધ્રપ્રદેશ | 46.09 | 24.48 | 66.16 | 45.99 | 47.66 | 26.11 |
| કેરાલા | 70.20 | 57.28 | 84.96 | 77.70 | 70.78 | 58.11 |
| તમીલનાડુ | 47.19 | 29.48 | 66.56 | 50.68 | 50.15 | 32.78 |
| ભારત | 57.39 | 32.44 | 77.77 | 59.87 | 59.17 | 34.76 |

સ્ત્રોત : એન્યુઅલ રિપોટ  મીનીસ્ટ્રી ઓફ હયુમન રીસોસ  ડેવલપમેન્ટ, ગવમ`ન્ટ ઓફ ઈન્ડીયા –૦૧

ઉપરોકત કોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે કે, ભારતમાં આદિવાસી સ્ત્રી અને પુરૂષોમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સાક્ષરતા દરનું પ્રમાણ મિઝોરમમાં ૮૬.૯૫% છે. પુરૂષ અને સ્ત્રી વચ્ચે તફાવત માત્ર ૪% જેટલો છે. જયારે બિહારમાં સ્ત્રીઓમાં સાક્ષરતા દર બીજા રાજયો કરતા સૌથી નીચો (૧૫.૫૪%) જયારે ઓરિસ્સામાં (૨૩.૩૭%) રાજસ્થાનમાં (૨૬.૧૬%) અને ઉત્તર પ્રદેશમાં (૨૦.૭૦%) અને આન્ધ્ર પ્રદેશમાં (૨૬.૧૧%) સ્ત્રીઓમાં સાક્ષરતા દર જોવા મળે છે.

ભારતમાં મિઝોરમમાં સૌથી વધુ કુલ સાક્ષરતા પ્રમાણ (૯૧.૭૧%) જયારે સૌથી નીચુ સાક્ષરઢ તાનું પ્રમાણ બિહારમાં (૩૯.૭૬%) જોવા મળે છે. મિઝોરમમાં ગ્રામીણ વિસ્તારનું ચિત્ર બીજા રાજયો કરતા વધુ સારુ છે. જયારે શહેરી વિસ્તારમાં પુરૂષોમાં નાગાલેન્ડમાં શિક્ષણનું પ્રમાણ વધુ સારુ છે.જયારે સમગ્ર ભારતની સ્થિતી તપાસીએ તો સાક્ષરતાની બાબતમાં પુરૂષોની તુલનામાં સ્ત્રીઓ ઘણી પાછળ જણાય છે.

**આદિવાસીઓમાં ડ્રોપ આઉટ રેટ અને રીપીટેશન :-**

સામાન્ય રીતે સારૂ શિક્ષણ મેળવવા માટે ઉંચો ખચ  આવે એ બાબત સવ વિદિત છે. આદિવાસી સમાજ અન્ય સમાજ કરતા પાછળ છે. એનુ મુખ્ય કારણ તપાસીએ તો જણાય છે કે, તેઓ જમીન વિહોણા અને ગરીબ છે. ગરીબાઈમાં સારૂ શિક્ષણ મેળવવુ અઘરૂ છે તેથી આદિવાસી કન્યાઓ અને કુમારોમાં અધવચ્ચેથી અભ્યાસ છોડી દેવો અને એક જ વગ  માં વધુ વષા` સુધી અભ્યાસ કરનારા બાળકોની સંખ્યા વધુ જોવા મળે છે. જયારે સામાન્ય વસતીમાં આ પ્રકારની સ્થિતી ઓછી જોવા મળે છે. આથી આદિવાસી વિદ્યાથી  ઓનું વૈકલ્પિક ખચ પણ ઘણું ઉંચુ જોવા મળે છે.

આદિવાસી સમાજમાં મયા  દિત સંસાધનને કારણે બાળકોના શિક્ષણ પાછળ રોકાણ કરી શકતા નથી. બાળકોનાં શૈક્ષણિક સાધનો માટે પૂરતી આવક ન હોવાથી કારણે અધવચ્ચેથી અભ્યાસ છોડી દેવો પડે છે. તાજેતરનાં વષા`માં ડ્રોપ આઉટ રેટમાં વધારો જોવા મળેલ છે. આંકડાઓ દશા  વે છે કે, સામાન્ય બાળકોમાં વષ  ૨૦૦૨–૦૩ માં ૧ થી ૪ ધોરણમાં કુ મારોમાં (૩૨.૮૫%) અને કન્યાઓમાં (૩૩.૭૨%) જેટલુ જોવા મળેલ છે. જયારે આદિવાસી કન્યાઓ અને કુમારોની સ્થિતિ આજ વષા`માં ૧ થી ૪ ધોરણમાં ડ્રોપ આઉટ રેટ (૪૧.૧૩%) કુમારોમાં અને (૪૧.૯૧%) કન્યાઓમાં જોવા મળે છે. જેની માહિતી કોઠા દ્વારા સ્પષ્ટ થાય છે.

ISSN - 2250-1991

આદિવાસી વસ્તીમાં ડ્રોપ આઉટ રેટ

(૨૦૦૨–૦૩)

| | વગ : ૧ થી ૪ | | | વગ : ૧ થી ૮ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | રાજયો | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| 1 | મેઘાલય | 61.42 | 59.29 | 81.11 | 80.30 |
| 2 | મિઝોરમ | 55.90 | 54.90 | 59.89 | 56.34 |
| 3 | નાગાલેન્ડ | 37.38 | 37.01 | 42.81 | 44.19 |
| 4 | બિહાર | 66.60 | 65.39 | 82.43 | 85.57 |
| 5 | ઓરિસ્સા | 58.03 | 35.50 | 77.45 | 79.12 |
| 6 | પ.બંગાળ | 53.70 | 59.26 | 60.73 | 42.42 |
| 7 | મધ્ય પ્રદેશ | 51.90 | 50.51 | 65.56 | 70.16 |
| 8 | ગુજરાત | 36.13 | 43.10 | 58.26 | 67.04 |
| 9 | મહારાષ્ટ્ર | 28.79 | 40.23 | 61.03 | 66.43 |
| 10 | રાજસ્થાન | 50.61 | 59.87 | 52.58 | 73.17 |
| 11 | યુ.પી. | 31.19 | 30.02 | 36.97 | 36.45 |
| 12 | હિ.પ્રદેશ | 16.23 | 21.70 | 26.79 | 37.43 |
| 13 | આ.પ્રદેશ | 63.29 | 68.71 | 78.59 | 84.34 |
| 14 | કેરાલા | 2.20 | 5.96 | 33.63 | 40.03 |
| 15 | તમીલનાડુ | 27.24 | 21.01 | 56.98 | 54.36 |
| 16 | ભારત | 50.82 | 52.10 | 66.86 | 71.17 |

સ્ત્રોત– ડીપાટ મેન્ટ ઓફ સેકન્ડરી એન્ડ હાયર એજયુકેશન મીનીસ્ટ્રી ઓફ હ્યુમન રિસોસ ડેવલપેમન્ટ, ગવન મેન્ટ ઓફ ઈન્ડીયા

ભારતમાં જુદા જુદા રાજયોમાં આદિવાસી કન્યાઓ અને કુમાર વચ્ચે ડ્રોપ આઉટ રેટ દશા વવામાં આવેલ છે. કોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં જુદા જુદા રાજયો હજુ ઉંચો ડ્રોપ આઉટ રેટ જોવા મળે છે. ખાસ કરીને કન્યાઓમાં ઉંચુ પ્રમાણ ઓરિસ્સામાં ૧ થી ૮ ધોરણમાં (ટક્ષઈક્ષ્) કુમાર અને ૮૦.૩૦ % કન્યામાં જોવા મળે છે. ત્યારબાદ ઓરિસ્સામાં (જ્ઞજ્ઞઈ,૫૫) કુમાર અને કન્યાઓમાં (જ્ઞઠઈક્ષ×૫) જોવા મળે છે. જયારે નીચો ડ્રોપ આઉટ રેટ કેરાલા તમીલનાડું જેવા રાજયોમાં જોવા મળે છે. ડ્રોપ આઉટનો ઉંચો દર જે ઉપરનાં વગા`માં છે તે દશા વે છે કે, પ્રાથમિક શિક્ષણ પછી થોડા બાળકો શિક્ષણમાં આગળ વધે.

**ઉપસંહાર :-**

આદિવાસીઓની આથિ ક તેમજ સામાજીક સ્થિતિમાં સુધારો કરવા માટે તથા વૈશ્વિકિકરણના પ્રવાહ સાથે તાલ મિલાવવા માટે માત્ર શિક્ષણ જ મહત્વનું અસરકારક પરિબળ દેખાય છે. જ્ઞાન અથ તંત્રના હોડમાં કૌશલ્ય મહત્વનો મુદ્દો બની રહે છે. આ સંદભે શિક્ષણની અસરકાર નિતીઓ ઘડવી જરૂરી છે.

જ્ઞાન–અથ તંત્રના લાભમાં સમાજના એક વગ ને (આદિવાસીઓને) કેવી રીતે પાછળ મુકી શકાય ? જુદા જુદા અભ્યાસોથી જોવા મળે છે કે આદિવાસીઓમાં ગરીબી, બેકારીની સ્થિતી ચિંતાજનક છે. આદિવાસીઓને સારૂ શિક્ષણ તથા વ્યવસાયલક્ષી પ્રસ્તુત ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય તે જરુરી છે.

## REFERENCES

(૧) ડ્રેઝ જે. (૨૦૦૩) "પેટર્ન ઓફ લીટરેસી એન્ડ ધેઅર સોસયલ કોન્ટેક્ષ આક્ષ્ફોર્ડ યૂનિવર્સિટી પ્રેસ, ન્યુ દિલ્હી. (૨) જોષી કે. એમ. "હ્યુમન કેપીટલ એન્ડ ધ ઈકોનોમીક બેનીફીટ ઓફ એજયુકેશન અન્ડરસ્ટેન્ડીગ ધ ઈન્વેસ્ટમેંટ આરગ્યુમેન્ટ વર્કિંગ પેપર નં.૧/૦૬ ફકભમ (૩) મહારત્ના એ.(૨૦૦૫) "ડેમોગ્રાફિક પર્સપેકટીવ ઓન ઈન્ડયાઝ ટ્રાઈબ, ઓક્ષ્ફોર્ડ યુનિવર્સિટી પ્રેસ, ન્યુ દિલ્હી (૪) નામ્બીસન જી (૨૦૦૦) "ધ સોસીયલ કોન્ટેક્ષ ઓફ લર્નિંગ એન્ડ ધ સ્કુલીગ ઓફ દલીત એન્ડ ટ્રાઈબ ચિલ્ડ્રન" એ કલેકશન ઓફ આર્ટીકલ, વ્હાઈટ ફિલ્ડ બેંગ્લોર. (૫) સેન્ગુપ્તા પી.જે.(૨૦૦૨) "એનરોલમેંટ ડ્રોપ આઉટ એન્ડ ગ્રેડ કમ્પીટીશન ઓફ ગર્લ ચાઈલ્ડ ઈન વેસ્ટ બંગાલ, ઈપીડબલ્યુ વોલ્યુમ ૩૭, નં.૧૭, પી.પી. ૧૬૨૧–૩૭ (૬) શ્રી વાસ્તવા આર.(૧૯૯૭) રીઝન ફોર ડીસ્કન્ટીન્યુસન ઓફ પ્રાયમરી એજયુકેશન અમોન્ગ ટ્રાઈબલ ઓફ આસામ" સોસીયલ ચેઈન્જ વોલ્યુમ – ૨૭ (૭) વર્લ્ડ બેંક (૧૯૯૭) પ્રાઈમરી એજયુકેશન ઈન ઈન્ડીયા વોશિંગ્ટન, ડી.સી. (૮) (૨૦૦૫) "પોલીટીકલ ઓફ લેન્ગ્વેજ, રીલીજીયન એન્ડ આઈડેન્ટીટી, ટ્રાઈબ ઈન ઈન્ડીયા, ઈપીડબલ્યુ માર્ચ–૨૬